# મહેસાણા જિલ્લામાં બેરોકટોક અમર્યાદ મુસાફરો ભરીને થતી વાહનોની હેરાફેરી

મહેસાણા, તા. ૭

મહેસાણા જિલ્લામાં પોલીસતંત્રની રહેમનજરતળે કાયદાની ઐસી કી તૈસી કરીને વિવિધ રૂટો રોજિંદા અમર્યાદ મુસાફરો ભરીને ખાનગી વાહનો દોડી રહ્યા છે. છતાં પોલીસ તથા આરટીઓ તંત્ર દ્વારા કાનૂનીરાહે કોઈ કડક પગલાં ભરાતાં નથી. પરિણામે અવારનવાર જીવલેણ તેમજ અન્ય અકસ્માતો સર્જાય છે. જેમાં કેટલાયે માનવીઓની જીવનદોરી ટૂંકાય છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન હાઈવે પર તેમજ અન્ય માર્ગો ઉપર ખાનગી વાહનોના અકસ્માતોના ઘણા કિસ્સા નોંધાયા છે. જેમાં કેટલાય વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યાં હોવાનું તેમજ કેટલાયે ઘાયલ થયા છે.

મહેસાણા જિલ્લાના જુદા જુદા રૂટો પર ખાનગી વાહનો એસ.ટી.ની શિડ્યુલબસોની સમાંતર દોડી રહ્યા છે. આવા વાહનોમાં ઘેટાં-બકરાંની જેમ અમર્યાદ મુસાફરો ભરાય છે. આવા વાહનોના ચાલકો કમાવવાની લ્હાયમાં પુરઝડપે અને ગફલતભરી રીતે વાહનો હંકારીને મુસાફરોની જીંદગી જોખમમાં મુકે છે.

ગેરકાયદે મુસાફરો ભરીને દોડતા વાહનો મુખ્યત્વે એસ.ટી. બસ મથકોની આસપાસ અડ્ડો જમાવે છે. અને મોટાભાગે એસ.ટી. બસોના મુસાફરોને જ પોતાના વાહનોમાં ખેંચી જાય છે. જેથી એસ.ટી. તંત્રની આવક પર આની સીધી અસર પડે છે. નામદાર રાજ્યની વડી અદાલતે બસ મથકોની આસપાસના ચોક્કસ વિસ્તારમાં ખાનગી વાહનો ઉભા રાખવા પર છેલ્લા ઘણા વખતથી પ્રતિબંધ ફરમાવેલ છે. આ ઉપરાંત જિલ્લાના અધિક કલેક્ટર દ્વારા પણ જાહેરનામુ બહાર પડાયેલ છે. તેમ છતાં તેનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું હોય તેમ જણાય છે.

પોલીસતંત્રમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર બની ગયો હોય તેવી સ્થિતિ પેદા થઈ હોવાનું ચર્ચાય છે. કેવળ નાણાં કમાવા પર જ પોલીસે ધ્યાન કેન્દ્રિત કર્યુ હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. કહે છે કે, ભ્રષ્ટાચારના કુંડાળામાં કોન્સ્ટે.થી માંડીને ઉચ્ચ પોલીસ અધિકારીઓના પગ ખરડાયેલા હોવાનું બોલાય છે. હવે મે આઈ હેલ્પ યુ ના બોર્ડ શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે. કથિત ભ્રષ્ટાચાર અને ચોર કોટવાળને ડંડે તેવી પોલીસની કાર્યશૈલીના કારણે આમ નાગરિકો, બુદ્ધિજીવી વર્ગના લોકો મોટા ભાગે પોલીસની મદદ કે સહાય મેળવવામાં ખચકાટ અનુભવે છે.

ખાનગી વાહનોમાં અમર્યાદીત મુસાફરો ભરીને કાયદાની ઐસી કી તૈસી થઈ રહી છે. અને અવારનવાર જીવલેણ અકસ્માતોમાં કેટલાયના મોત થતા જાય છે. પોલીસની પરવાનગી વગર ખાનગી વાહનો આવી રીતે દોડી શકે તેમ નથી તેવું લોકોનું માનવું છે. મુસાફરો ભરીને દોડતા ખાનગી વાહનોના ચાલકો કે સંચાલકો તરફથી ટ્રાફીક પોલીસ તેમજ જે તે હદની પોલીસને દર મહિને તગડા હપ્તાઓ ચૂકવાતા હોવાનું ચર્ચાય છે. જીલ્લાની લાંચ રૂશ્વત વિરોધી શાખાનું તંત્ર પણ ભ્રષ્ટાચારની બદીને ડામવામાં સદંતર નિષ્ફળ નિવડ્યું હોવાની છાપ લોકમાનસમાં ઉભી થઈ છે.

## તલોદ નગરપાલિકા પ્રમુખનો ચાર્જ ઉપપ્રમુખને સોંપાયો

તલોદ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના વહેપારી મથક તલોદ ન.પા.ના સદસ્યો પક્ષાંતર ધારા હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત સભ્ય પદેથી દૂર કરવામાં આવ્યા છે. ત્યારે ન.પા. પ્રમુખ સહિત છ સભ્યો સભ્ય પદેથી દૂર થતાં તલોદ ન.પા.માં પ્રમુખપદ માટેની જગ્યા ખાલી પડી છે. જેને લઈને નગરપાલિકામાં આગામી ચૂંટણીઓ ન થાય ત્યાં સુધી કાયદાની જોગવાઈ મુજબ ખાલી પડેલી નગરપાલિકા પ્રમુખની જગ્યા ભરવાની થતી હોઈ આ જગ્યા ભરવા માટે ઉપપ્રમુખ અને સેલટેક્ષ-ઈન્કમટેક્ષના વકીલ વિનોદભાઈ પી. પટેલને તલોદ નગરપાલિકા પ્રમુખનો ચાર્જ સોંપવામાં આવ્યો હોવાનું ન.પા. ચીફ ઓફિસરે જણાવ્યું હતું.

# આજથી મોડાસા બસસ્ટેન્ડમાં હંગામી ધોરણે સહકારી જીનમાં કાર્યરત થશે

### નવા આઈકોનિક બસ સ્ટેન્ડ બનાવવા જૂનું બસ સ્ટેન્ડનું સ્થળાંતર : રાજ્યના તમામ વિભાકિય નિયામકને જાણ કરાઈ

મોડાસા, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આજથી ૬ મહિના પહેલા અરવલ્લી જિલ્લાની મુલાકાતે આવ્યા ત્યારે જિલ્લાના પ્રજાજનો માટે વિવિધ વિકાસના કામોના લોકર્પણ સહીત મોડાસા શહેરમાં અત્યાધુનિક આઈકોનિક એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા બસ સ્ટેન્ડ બનાવવાની જાહેરાત કરી ડિજિટલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેની કામગીરી આજથી હાથ ધરવામાં આવનાર હોઈ અંદાજે ૨૫ વર્ષ જુના બસ સ્ટેન્ડની ડીમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવવાની હોવાથી મોડાસા એસટી બસસ્ટેન્ડ મેઘરજ રોડ પર આવેલી સહકારીજીનમાં હંગામી ધોરણે ખસેડવામાં આવશે અને તમામ બસોના રૂટનું સંચાલન અહીંથી જ થશે. મોડાસામાં નવીન બસસ્ટેન્ડની કામગીરી હાથ ધરાતા જિલ્લા સહીત મોડાસાના લોકોમાં આનંદ છવાયો હતો.

મોડાસા એસટી બસ સ્ટેન્ડ અંદાજે ૬૫ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે અત્યાધુનિક આઈકોનિક બસસ્ટેન્ડ બનાવવાની સોમવારથી કામગીરી હાથ ધરાવ આવનાર હોવાથી મોડાસા બસ સ્ટેન્ડ હંગામી ધોરણે મેઘરજ રોડ પર આવેલી સહકારી જીનના મેદાનમાં ખસેડવામાં આવ્યું છે. સહકારી




જીન ખાતે ઉભા કરાયેલ હંગામી બસસ્ટેન્ડમાં એસટી તંત્ર દ્વારા તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હોવાથી મુસાફરોને તકલીફ નહિ પડે. ગુજરાતના તમામ વિભાગીય એસટી નિયામકને લેખિતમાં જાણ કરી તમામ બસો હાલ પૂરતી મોડાસાના હંગામી ધોરણે તબદીલ કરાયેલા એસટી ડેપોમાં મોકલવા માટે જાણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મેઘરજ રોડ સાંકડો હોવાથી અને આજુબાજુ તથા ચાર રસ્તા પર શટલિયા જીપચાલકો અને છકડા ચાલકોનો તેમના વાહનો અડિંગો જમાવી દેતા હોવાથી ટ્રાફિકની સમસ્યા નગરજનો માટે માથાના દુખાવારૂપ સાબિત થશે. મોડાસા ટાઉન પોલીસ અને નગરપાલિકા દ્વારા મેઘરજ રોડ પર અડિંગો જમાવી ઉભા રહેતા ખાનગી વાહનો અને શાકભાજીની લારીવાળા સહીત ઉભા રહેતા ફેરિયાઓ અને રાજસ્થાનના ખાનગી લકઝરી બસ ચાલકો સામે કાર્યવાહી નહિ કરવામાં આવે તો પ્રજાજનોને ટ્રાફિકથી ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવશે.

## પ્રાંતિજ ખાતે જયોતિષ દેવરત્ન બે વિદ્વાનોનું સન્માન કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ



શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે ૭૬માં દેવરત્નમાં થયેલ સન્માનિત બે વિધ્વાનોનુ બ્રહ્મસમાજ તથા પરશુરામ સેના દ્વારા સન્માન કરવામાં આવ્યું.

તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ ૭૬ જયોતિષ દેવરત્ન સમારોહમાં સન્માનિત થયેલ બે વિધ્વાનોનુ પ્રાંતિજના શ્રી માર્કંડેશ્વર મહાદેવ ખાતે બ્રહ્મસમાજના પ્રમુખ જીગ્નેશભાઈ તથા પરશુરામ સેનાના પ્રમુખ કમલેશભાઈ ત્રિવેદી તથા કાર્યકરો આગેવાનો દ્વારા દેવરત્ન સમારોહમાં સન્માન થયેલ પ્રશાંતભાઈ (ભાઈલુ મહારાજ) તથા તેના ગુરૂ રજનીકાન્ત સોનીનું પ્રાંતિજ ખાતે સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં સમાજના લોકો સહિત બ્રહ્મસમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. બન્ને વિધ્વાનોને સ્વાગત બાદ શુભકામનાઓ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. બન્ને વિધ્વાનોએ બ્રહ્મસમાજ તથા પરશુરામ સેનાનો આભાર માન્યો હતો.

# ડીસાના ધારાસભ્ય દ્વારા ઋણ સ્વીકાર સમારોહ યોજાયો

ડીસા

તાજેતરમાં જ યોજાયેલી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં જિલ્લાની ખૂબ મહત્વની મનાતી ડીસા બેઠક પર ફરી



કમળક્રાંતિ સર્જી આ બેઠક કબજે કરવામાં સફળ રહેલી ભાજપ છાવણીનો ઉત્સાહ હાલ આસમાનને આંબી રહ્યો છે અને ડીસા મતવિસ્તારમાં પક્ષના અગ્રણીઓ તેમજ કાર્યકરોએ કરેલા પરિણામલક્ષી ટીમવર્કની પ્રદેશ સ્તરે પણ નોંધ લેવાઈ છે. આવી સ્થિતિમાં આજે ડીસા નજીક ભડથ રોડ પણ આવેલા રવિરાજ કોલ્ડસ્ટોરેજ ખાતે યોજાયેલા ડીસાના નવનિર્વાચિત ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાના આભારદર્શન, ઋણ સ્વીકાર અને સત્કાર સમારોહમાં પણ ટીમ ડીસા ભાજપનો ઉત્સાહ ઉડીને આંખે વળગ્યો હતો. ગુજરાત સરકારના મંત્રી પરબતભાઈ પટેલ, પૂર્વ મંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ પટેલ, ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન અને ડીસા મત વિસ્તારના ચૂંટણી ઈન્ચાર્જ મગનલાલ માળી, દિનેશભાઈ અનાવાડિયા, દીનેશભાઈ દવે, મહેશભાઈ દવે, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર સહિત અન્ય અગ્રણીઓ, કાર્યકરો, શુભેચ્છકો અને ભાજપ પ્રેમી સમર્થકોની બહોળી હાજરીમાં યોજાયેલા આ સમારોજમાં ઉપસ્થિત મહાનુભાવોએ ડીસા બેઠક પૂનઃ કબજે કરવા પક્ષના અગ્રણીઓ અને કાર્યકરોએ ઉઠાવેલી સફળ જહેમતની મુક્તકંઠે સરાહના કરી હવે જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીમાં પણ કમળક્રાંતિ સર્જવા માટે કામે લાગી જવા આહવાન કર્યુ હતું. આ પ્રસંગે નવનિર્વાચિત ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાએ પણ તેમની જીતનો શ્રેય પક્ષના આગેવાનો અને કાર્યકરોની સામુહિક જહેમતને આપી સૌ કોઈ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી વિકસકૂચને વેગીલી બનાવવા માટે સૌને સાથે રાખી સક્રિય પ્રયાસો કરવાની ખાતરી આપી હતી. આ કાર્યક્રમમાં લોકોની ભરચક ભીડ જોઈ પક્ષના આગેવાનોનો ઉત્સાહ પણ બેવડાઈ ગયો હતો.

# પ્રાંતિજ ખાતે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ શહેરનો સ્નેહ સંમેલન સમારંભ યોજાયો

### બેટી બચાવો-બેટી વધાવો અંતર્ગત દિકરી તથા દિકરીના માતા-પિતાનુ સન્માન

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતાં શ્રી બાવનગોળ કડવા પ્રાંતિજ ખાતે રહેતા શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ શહેરનાં




પાટીદાર સમાજના ભાઈ-બહેનોનું સ્નેહ સંમેલન તથા ઈનામ વિતરણ સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજની વાડી ખાતે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ શહેરનો વાર્ષિક સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રહ્યા હતાં. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ અંતર્ગત દિકરી તથા દિકરીના માતા-પિતાનું સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના દાતાઓનું પણ ફુલહાર પ્રમુખ પટેલ ચંપકભાઈ, મંત્રી ઈશ્વરભાઈ પટેલ, વિજયભાઈ પટેલ , મુકેશભાઈ પટેલ સહિત સમાજના આગેવાનો કાર્યકરો સહિત પ્રાંતિજ ખાતે રહેતાં શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજમાંથી ભાઈ- બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## તલોદની જે.બી. ઉપાધ્યાય શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

તલોદ, તા. ૭

જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલ, મહિયલ ખાતે ગત ૨૦મી ડિસેમ્બરે સતત પાંચમા વર્ષે શાળાકીય ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. મુખ્ય મહેમાન ડૉ. તેજસ એમ. ઉપાધ્યાય, કુલદિપસિંહ એસનાવા, ડૉ. જગદીશભાઈ પટેલ તેમજ ડૉ. પુનિયાના સાનિધ્યમાં પ્રદર્શન યોજાયેલ હતુ. આ કાર્યક્રમમાં શેઠ હિરાલાલ પરભુરામ ચેરીટેબલ ટ્રસ્ટ-તલોદના પ્રમુખ, ઉપાધ્યાય, મંત્રી, ટ્રસ્ટી અને તલોદ તાલુકાના પૂર્વ પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા અને બાળવિજ્ઞાનીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની અવનવી વર્તમાન સમસ્યાઓને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવેલી ૧૪૨ કૃતિઓ રજુ થઈ હતી. જેમાં વિદ્વાન તજજ્ઞ નિર્ણાયકો દ્વારા શ્રેષ્ઠ કૃતિની પસંદગી કરવામાં આવી હતી અને વિજેતા સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ દ્વારા વિજ્ઞાન વિષય પર ક્વિઝ રાખવામાં આવી હતી. મહેમાનોએ ૨૧મી સદીના સંદર્ભમાં વિજ્ઞાનના આવિષ્કારો અને તેના માનવ જીવનમાં મહત્વના પાસા ઉપર વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે મોટા ભાગના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**અન્નપૂર્ણા ટ્રસ્ટના ૨૫ વર્ષ પુર્ણ થતા મફત મેમોગ્રાફી કેમ્પ યોજાયો**

અરવલ્લી જિલ્લામાં અન્નપૂર્ણા ટ્રસ્ટ મોડાસાની ખાનગી હોસ્પિટલો અને જરૂરિયાતમંદ લોકોને ફક્ત રૂપિયા ૨ ના નજીવા દરે ટિફિન સેવા આપતી અને વિવિધ આરોગ્યને લગતી મફત સેવાના કેમ્પમાં અગ્રેસર સંસ્થાને ૨૫ વર્ષ પૂર્ણ થતા ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના સહયોગથી મહિલાઓ માટે મફત મેમોગ્રાફી નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૫૦થી વધુ મહિલાઓએ લાભ લીધો હતો.

# લાટીવાળા કોલેજનો ઈન્ટર્નશીપ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૬

એમ.કે. શાહ લાટીવાળા ડી.એલ.એડ. કોલેજ નીત નવા અનુભવોમાંથી તેના તાલીમાર્થીઓ



પસાર થાય તેવા એક આશયથી શાળાનુભવ અંતર્ગત જિલ્લાની ત્રણ શાળાઓમાંથી તેના તાલીમાર્થીઓ પસાર થાય તેવા એક આશયથી શાળાનુભવ અંતર્ગત જિલ્લાની ત્રણ શાળાઓમાં ઈન્ટર્નશિપ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે ઉપરોક્ત માહિતી આપી હતી.

નાથાવાસ પ્રા. શાળા, શિણાવાડ, પ્રા. શાળા તથા વરથુ પ્રા. શાળામાં કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. કન્વિનર તરીકે પ્રા. વ્રજેશભાઈ પંડ્યા, પ્રા. ગીતાબેન નિનામા તથા પ્રા. રાજેશભાઈ પરમારે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

કુલ અઢાર દિવસની આ ઈન્ટર્નશિપમાં તાલીમાર્થીઓએ વર્ગશિક્ષણ ઉપરાંત વિવિધ સ્પર્ધાઓ જેવી કે લીંબુ ચમચી, કોથળા દોડ, રંગપુરણી, વક્તૃત્વ સ્પર્ધા વગેરેનું આયોજન અને સંચાલન તાલીમાર્થી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ વિજેતા થયેલ દરેક વિદ્યાર્થીને તાલીમાર્થીઓ તરફથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

વરથુ પ્રા. શાળાના અંતિમ દિવસે નાયબ પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. શિક્ષણથી વ્યક્તિમાં ચેન્જ આવવો જોઈએ તેવી મૌલિક વાત તેમણે ઉચ્ચારી હતી. કાર્યક્રમમાં ગામના સરપંચ, શ્રેષ્ઠીઓ, જિલ્લાના ડેલીગેટ્સ તથા ન્યાય સમિતિના ચેરમેન રામભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. એક સારા અને આદર્શ શિક્ષક બનીને ઉત્તમ નાગરિક અને ઘડાયેલા યુવાનો આ દેશને મળે તેવા પ્રયત્નો તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી તથા ઉપપ્રમુખ સુભાષભાઈ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી.

## થરાદમાં મહિલા મંડળ દ્વારા કુતરા માટે લાડુ બનાવાયા

થરાદ, તા. ૭

થરાદના સબજેલની પાછળ આવેલા વિસ્તારની મહિલા મંડળ પુણ્ય કરવા આગળ ધપી રહયું છે. જયારે પણ્ય મેળવે છે. મહિલા મંડળના પ્રમુખ ત્રીવેદી કંચનબેનના નેજા હેઠળ જોડાતી બહેનો ત્રીવેદી પ્રવિણાબેન, સોની શારદાબેન, સોની



આ મંડળની દસ જેટલી બહેનો છેલ્લા સાત વર્ષથી મકરસંક્રાંતિ એટલે કે ઉત્તાયણના પ્રવ નિમિત્તે દસ દિવસ અગાઉ સોસાયટીમાં રહેતા તમામ પરિવારના ઘરે ઘરે જઈ ફાળો એકઠો કરે છે અને એ રકમમાંથી ઘી, ગોળ, ઘઉ લાવી લાડવા બનાવે છે અને શહેરમાં રખડતી ગાયો, કૂતરાઓ તેમજ પંખીઓને ચણ આપી ઉત્તાયણનુ મોઘીબેન, પરમાર મંજુલાબેન, દેવીકાબેન, દરજી નયનાબેન, અશ્વિની પરમાર તેમજ વૃદ્ધ ધર્મીમા અને સોની સુહામા પણ મદદ કરવા જોડાઈ રહ્યા છે. જલારામ યુવક મંડળ, થરાદ દ્વારા પણ આ પર્વના દિવસે હજારો કિલોના લાડુ ખવડાવશે અને પતંગના દોરાથી ઘાયલ થતા પક્ષીઓને સારવાર કેમ્પ રાખવામાં આવે છે.

# મોડાસાના સથવારા કડિયા સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

મોડાસા, તા. ૭

મોડાસામાં સૌ પ્રથમવાર સથવારા કડિયા સમાજ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓ અને સરકારી સહીત વિવિધ ક્ષેત્રે પ્રતિષ્ઠિત હોદ્દો ધરાવતા લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લાના જાડિયા ગામના વતની અને હાલ મોડાસામાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા નરેશભાઈ એમ. કણજારીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં આરટીઓ નિલેશભાઈ, જિલ્લાના અગ્રણી પત્રકાર ભરત કડિયા, આરએન્ડબીમાં ફરજ બજાવતા મૃણાલીબેન, ડૉ. આયુષી, કોર્પોરેટર જ્યોત્સનાબેન સહિતના અગ્રણીઓનું ફૂલછડી, મોમેન્ટો અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું અને તેજસ્વી તારલાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સમાજના અગ્રણીઓ દ્વારા એક પછાત સમાજની છાપ સુધારી સમાજના વ્યક્તિઓ અને વિધાર્થીઓ સમાજને વૃદ્ધિ તરફ ધકેલવાના પ્રયત્નો આવકારદાયક ગણાવી સમાજના યુવા વર્ગ અને વિદ્યાર્થિઓ અને અન્ય સમાજના લોકો કઈ રીતે તેમના ક્ષેત્રમાં આગળ વધે તે માટે પ્રોત્સાહન અને સમજ આપવમાં આવી હતી. સૌ પ્રથમ યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજના રમેશભાઈ, ધીરેનભાઈ, કલ્પેશભાઈ, વિપુલભાઈ અને હર્ષ સથવારાની ટીમ દ્વારા યોગદાન અપાતા સમાજના તમામ લોકોએ બિરદાવ્યા હતા.